# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૩ : પ્રશ્નપત્ર - ૧**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ગ. અં. ૨૧માં મહારાજ શા માટે ભગવાન તથા ભગવાનના ભક્તના સમ ખાય છે ?
૨. હરિભક્તને કલ્યાણના માર્ગમાં કઈ રીતનું વિઘ્ન ક્યારે ના લાગે ?
૩. ભગવાન સંબંધી કયું સાધન છે જે રહે તો સર્વે આવે ?
૪. વૈરાગ્યવાન અને ધર્મવાળો કોને જાણવો ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. જીવનો નાશ કેમ થઈ જાય છે અને તે નાશ કેમ જાણવો ?
૨. સંત, શાસ્ત્ર તથા પોતાનો વિચાર એ ત્રણે વાનાંએ કરીને ઇન્દ્રિયો-અંતઃકરણ કેવી રીતે જીતાય ?
૩. ભગવાનનો શરણાગત જીવ અને અનન્ય ભક્ત કોને કહેવાય ?
૪. ગ. અં. ૩૯ પ્રમાણે અવશ્ય સમજવાની વાત કઈ છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. રાજાના ચાકરના દૃષ્ટાંતે જાણપણું.
૨. પારસમણિના દૃષ્ટાંતે ભગવાનમાં જોડાણ. (ભગવાનનું મહાત્મ્ય)
૩. પર્વતના દૃષ્ટાંતે જીવનો નાશ.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. 'ઓલિયા સાથે વિતાવેલી એક પળ ૧૦૦ વર્ષ ઈશ્વરની બંદગી કરતાં પણ અધિક છે.' - સંત ઈબ્રાહિમ
૨. 'હે નાથ ! અહં મમતા થાઓ સંતમાં, જે તમને વ્હાલા દયાળ રે....'
૩. 'કહા કહું છબિ આપકી ભલે બિરાજો નાથ, તુલસી મસ્તક તબ નમે, જબ ધનુષબાણ લીયો હાથ.'
૪. 'જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે, જેને જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે.'

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. માટે પોતાની ભક્તિને ....... ત્યાં પેસવા દેવા નહિ.
૨. એવી રીતે ચાર પ્રકારના ....... સહિત ભક્તિ આવે છે.
૩. અને જ્યારે આવો સંત સમાગમ ....... દેહે જ પામ્યો છે.

### વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૪ અને ૫' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. શ્રીહરિની સૂર સરિતાઓ - સ્ત્રી ભક્તો.
૨. પંચાળામાં શ્રીહરિએ કરેલ સંકલ્પ અને તેની પૂર્તિ.
૩. અધમ ઉધારણ પતિતજન પાવન શ્રીહરિ.

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. શ્રીજીમહારાજે ગ્રહણ કરેલી ટૂંટિયાના રોગની મંદવાડ લીલાઓ.
૨. દેવજી ભગતની સમજણ.
૩. આ તારો રંગીલદાસ.

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. શેઠ બેચરભાઈ માણકીવાળા મહારાજની પધરામણી કરાવે છે.
૨. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે.
૩. મારા વા'લા તું સ્વામિનારાયણ ભણ્યો !
૪. બિશપ હેબર સાથે મુલાકાત.
૫. વહેવાર પ્રમાણે વર્તવું જોઈએ.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૩-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. [૮]

૧. આનંદાનંદ સ્વામી

૨. નિષ્કુળાનંદ સ્વામી

**વિભાગ - ૩ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]

૧. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ : વિલક્ષણ ગુરુ અને શિષ્ય

૨. સ્વામીશ્રીની અમૃતવાણીનું આચમન : દૃષ્ટાંતો દ્વારા

૩. મૂક પ્રાણીની મદદે સ્વામીશ્રીની કરુણા

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]

૧. મહાનુભાવોની દૃષ્ટિએ સ્વામીશ્રી

૨. નિઃસ્વાદી સંત : પ્રમુખસ્વામી મહારાજ

૩. ભૂકંપગ્રસ્તોની વહારે સ્વામીશ્રી

૪. ટપાલ મેળવવામાં તથા ઉત્તર આપવામાં સ્વામીશ્રીની ચોક્કસાઈ

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]

૧. 'થાક્યો લાગે છે, લે અહીં જ સૂઈ જા.'

૨. શાંતિભગતનો દીક્ષા મહોત્સવ.

૩. જગત વ્યવહારથી અલિપ્ત બાળ શાંતિલાલ.

૪. મોજીદડના રામભાઈને ભગવું ગાતરિયું ઓઢાડ્યું.

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. બી.એ.પી.એસ. યુવા પ્રવૃત્તિનાં છ મૂલ્યો (સ્વામિનારાયણ પ્રકાશ- ફેબ્રુઆરી - ૨૦૧૩)

૨. કેળવણીની ઊંચી દિશા, ઊંચી ઉડાનના પ્રેરક : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ- ઑક્ટોબર - ૨૦૧૨)

૩. ઉપનિષદોમાં નરતનુધારી અક્ષરબ્રહ્મ (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૧)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**